ગાંધીનગર સમાચાર

પ્રધાનમંત્રીની ત્રણેય સેના પ્રમુખો સાથે ચર્ચા

નવી દિલ્હી, તા.૧૭

જમ્મુ-કાશ્મીર સરહદ પર પાકિસ્તાનની સેનાદ્વારા આંતરે દિવસે સિઝ ફાયરનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. દેશના વડાપ્રધાન છેલ્લા કેટલાક દિવસથી મુંબઈ અને હરિયાણાની વિધાનસભાની ચૂંટણીમાં વ્યસ્ત હતા પરંતુ હવે આજે તેઓ ત્રણેય સેનાના પ્રમુખને સંબોધન કરવાના છે. વડાપ્રધાન બન્યા પછી નરેન્દ્ર મોદી પ્રથમ વખત કમ્બાઈન્ડ કમાડર્સની કોન્ફરન્સમાં ભાગ લેવા જઈ રહ્યા છે. આમ તો આ કોન્ફરન્સ દર વર્ષે થતી હોય છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી ચીન અને પાકિસ્તાન દ્વારા સીમા પર કરવામાં આવતી દખલગીરીને ધ્યાનમાં રાખીને આ કોન્ફરન્સ મહત્વ પૂર્ણ માનવામાં આવી રહી છે.

આ કોન્ફરન્સ દરમિયાન ચીફ ઓફ સ્ટાફ કમેટીના અધ્યક્ષ તરીકે વાયુસેનાના પ્રમુખ અરુપ રાહા સૌ પ્રથમ ત્રણેય બળ સાથે જોડાયેલા મુદ્દાઓ વિશે વડાપ્રધાનને સમગ્ર માહિતી આપશે. આ દરમિયાન તેઓ સીમા પર ચાલી રહેલી ગતીવિધિઓથી વડાપ્રધાનને માહિતગાર કરશે ત્યાર પછી નૌ સેનાના પ્રમુખ આર.કે. ધવન અને આર્મી ચીફ દલબીર સિંહ સુહાગ પણ આંતરરાષ્ટ્રીય અને ક્ષેત્રીય પડકારોની રૂપરેખા વડાપ્રધાનની સામે મુકશે. આખો દિવસ ચાલતી આ બેઠકમાં ખાસ કરીને પાકિસ્તાન અને ચીનની રણનીતીને લઈને ચર્ચા કરવામાં આવશે.

આ બેઠકમાં રક્ષામંત્રી અરુણ જેટલી, ગૃહમંત્રી રાજનાથસિંહ અને વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ પણ હાજર રહેશે. નરેન્દ્ર મોદી સભા સ્થળે પહોંચી ગયા છે.

આજે કમાન્ડર્સ કોન્ફરન્સ ૨૦૧૪ને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, ભવિષ્યમાં એવી સુરક્ષા જરૂરિયાતો અને પડકારો હશે જેમાં પરિસ્થિતિ ખુબ જુદા પ્રકારની રહેશે. પરિવર્તન ખુબ ઝડપથી થશે. ટેકનોલોજીકલ ફેરફારોને લઇને જવાબ આપવાની બાબત વધારે મુશ્કેલરૂપ રહેશે જેથી ભવિષ્યને ધ્યાનમાં લઇને તૈયારીમાં લાગી જવાની જરૂર છે. ખતરાઓ જાણીતા છે પરંતુ દુશ્મનો દેખાશે નહીં તેવી સ્થિતિ રહેશે. સાઇબરના ક્ષેત્રમાં પ્રભુત્વ વધી રહ્યું છે જેથી આ ક્ષેત્રમાં કુશળતા મહત્વપૂર્ણ બની છે. અંતરિક્ષ નિયંત્રણની બાબત જટિલ છે. સંપૂર્ણ યુદ્ધ લગભગ શક્ય નથી પરંતુ સુરક્ષા દળોને ટૂંકા સંઘર્ષ અને વર્તનને લઇને લડાઈને ધ્યાનમાં રાખવી પડશે. વડાપ્રધાને કહ્યું હતું કે, વિશ્વની નજર હવે વિશ્વાસુ ભારત ઉપર કેન્દ્રિત થઇ છે. શાંતિ અને સુરક્ષાનું વાતાવરણ અતિજરૂરી છે. આનાથી આર્થિક વિકાસના ઉદ્દેશ્યોને હાંસલ કરી શકાશે.

મહારાષ્ટ્ર : વિપક્ષી દળોના એકમત થવા પ્રયાસો જારી

નવી દિલ્હી,તા. ૧૭

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપની જે રીતે તમામ જગ્યાએ તાકાત વધી રહી છે તેને લઇને તમામ હરિફ પક્ષોની ઉંઘ હરામ થઇ ગઇ છે. ભાજપ સામે લડવા માટે આ તમામ વિરોધ પક્ષો એકમત થવાના પ્રયાસમાં લાગી ગયા છે. ભાજપ શક્તિશાળી તરીકે ઉભરી આવતા હવે કોંગ્રેસ અને અન્ય ક્ષેત્રીય પક્ષોને તેમના વિસ્તારમાં જોરદાર પડકાર મળી રહ્યા છે. જેથી હચમચી ઉઠેલા આ પક્ષો હવે રાષ્ટ્રીય રાજકારણમાં ભગવા દબદબાનો સામનો કરવા એક સંયુક્ત આધાર બનાવવા વિચારી રહ્યા છે.ભાજપનો સામનો કરવા એક થવાની જરૂરીયાત વિરોધ પક્ષોને દેખાઇ રહી છે. એક સાથે આવવાના પ્રયાસ કરી રહેલા નેતાઓ અને પક્ષો કોઇ સમય એકબીજાના નક્કર વિરોધી રહી ચુક્યા છે. ગયા રવિવારે મેરઠમાં એક સંયુક્ત રેલી થઇ હતી. જેમાં કેટલાક હરિફ ચહેરા એકસાથે દેખાયા હતા. છેલ્લા કેટલાક સમયથી ભાજપ સામે એક સંયુક્ત મોરાચાની હિલચાલ ચાલી રહી છે. કોંગ્રેસ અને ડાબેરીઓ પણ સામેલ થઇ રહ્યા છે. જનતા દળ યુનાઇટેડના અધ્યક્ષ શરદ યાદવ દ્વારા યોજવામાં આવેલી રેલીમાં કેટલાક ચહેરા દેખાયા હતા. યાદવે નિતિશ કુમાર અને લાલુ યાદવને અગાઉ મળાવ્યા હતા. હવે ભાજપ વિરોધી મોરચામાં કોંગ્રેસ અને ડાબેરીઓને લાવવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. જનતા દળ યુનાઇટેડના નેતા શરદ યાદવ હાલમાં કેટલાક નેતાઓના સંપર્કમાં છે. તેમની રાજકીય કેરિયર મોટા ભાગે કોંગ્રેસના વિરોધમાં ગઇ છે. એનડીએ સાથે જેડીયુએ છેડો ફાડી લીધા બાદથી જ યાદવે ભાજપ વિરોધી મોરચાને બનાવવામાં લાગી ગયા છે. આ જ સપ્તાહમાં તેઓ કોંગ્રેસના કેટલાક ટોચના નેતાઓને મળી ચુક્યા છે. કોંગ્રેસ હાઇ કમાન્ડ પણ આ હિલચાલનો જવાબ આપી ચુકી છે. પાર્ટીના મહાસચિવ હરિપ્રસાદને યાદવના આવાસ પર મોકલીને હિલચાલ ને વધારી દેવામાં આવી હતી. આ પગલાને ભાજપ વિરોધી એક શક્તિશાળી મોરચાની રચનાની દિશામાં પહેલ તરીકે ગણવામાં આવે છે. ઝારખંડ મુક્તિ મોરચા, આરજેડી, જેડીયુ અને કોંગ્રેસને સાથે લાવવાના પ્રયાસ થઇ રહ્યા છે.

બે મહિના સુધી જયલલિતાની સજા સસ્પેન્ડ સ્થિતિમાં રહેશે

જયલલિતાને રાહત : સુપ્રીમ કોર્ટે આખરે શરતી જામીન મંજુર કર્યા

નવીદિલ્હી,તા. ૧૭

આવકના જાણિતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસના મામલામાં બેંગ્લોરની જેલમાં રહેલા અન્નાદ્રમુકના નેતા અને તમિળનાડુના પૂર્વ મુખ્યમંત્રી જયલલિતાને આજે શરતી જામીન મળી ગયા હતા. આ ઉપરાંત તેમના નજીકના સખી શશીકલાને પણ જામીન મળ્યા હતા. તેમના સંબંધી વી સુધારકરન અને ઈલા વરાસીને પણ જામીન મળી ગયા હતા. અન્નાદ્રમુકના ૪૩માં સ્થાપના દિવસના પ્રસંગે જામીન મળતા ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. જયલલિતાના વકીલોએ તેમની વધુ વય અને આરોગ્યના આધાર પર જામીન આપવા રજૂઆત કરી હતી. સ્પેશિયલ કોર્ટ તરફથી દોષિત ઠેરાવવામાં આવ્યા બાદ જયલલિતાને ચાર વર્ષની સજા ફટકારવામાં આવી હતી. સજા બાદ કર્ણાટક હાઈકોર્ટે જયલલિતાને જામીન આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ત્યારબાદ જયલલિતાએ નવમી ઓક્ટોબરના દિવસે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી.

સુપ્રીમ કોર્ટે આ અરજીનો નિકાલ લાવવા માટે ઈન્કાર કર્યો હતો અને મામલાની સુનાવણી ૧૮મી ડિસેમ્બર નક્કી કરી દીધી છે જેથી જયલલિતા આદેશને પાળે છે કે કેમ તે બાબત નક્કી કરી શકાય. ચીફ જસ્ટિસ એચએલ દત્તુની બેંચે જયલલિતાને રાહત આપવાની સાથે ચેતવણી આપી હતી કે, તે કર્ણાટક હાઈકોર્ટમાં સસ્પેન્સ માંગ કરીને આ મામલાને ખેંચવાના પ્રયાસ ન કરે. બે મહિનાની અંદર એટલે કે ૧૮મી ડિસેમ્બર સુધી હાઈકોર્ટમાં અપીલની સાથે તમામ ચર્ચા સાથે સંબંધિત પેપર રજૂકરે. જયલલિતાને શરતી આધાર પર જામીન આપવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટે વ્યાપક સુનાવણી ચાલ્યા બાદ આ ચુકાદો આપ્યો હતો. એક કલાક સુધી લાંબી સુનાવણી ચાલી હતી. શરૂઆતમાં બેંચે જામીન આપવા સામે વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, વર્ષો સુધી ટ્રાયલ પ્રક્રિયાને લંબાવી દીધી છે. જો તેમને જામીન અપાશે તો બે દશકમાં અરજી અંગે નિર્ણય થશે. જો કે, જયલલિતા તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ ફલી એસ નરિમને કોર્ટમાં કહ્યું હતું કે, મામલામાં વિલંબ થશે નહીં. આ સંદર્ભમાં એફિડેવિટ પણ રજૂ કરવામાં આવશે. કોઈપણ વિલંબ કરવામાં આવશે નહીં.સુપ્રીમ કોર્ટે ટ્રાયલ જજના સંતોષ માટે બે બાંહેધરી રજૂ કરવા પણ આદેશ કર્યો હતો. જયલલિતા ૨૭મી સપ્ટેમ્બરથી જેલમાં છે. ૧૭મી ઓક્ટોબરના દિવસે અગાઉ સુનાવણી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જયલલિતા અને અન્યોને ભ્રષ્ટાચારના કેસમાં સજા ફટકારવામાં આવી હતી. ૨૭મી સપ્ટેમ્બરના દિવસે જયલલિતા અને અન્યોને ૬૬.૬૫ કરોડના અપ્રમાણ સંપત્તિ કેસમાં દોષિત ઠેરવીને ચાર વર્ષની સજા કરાઈ હતી.

બ્લેકમની કેસમાં વિદેશી ખાતા ધારકોના નામ જાહેર નહીં થાય

નવીદિલ્હી, તા.૧૭

કેન્દ્ર સરકારે આજે સુપ્રીમ કોર્ટમાં આજે અરજી દાખલ કરીને કહ્યું હતું કે, ભારતીયો દ્વારા વિદેશી ખાતાઓની વિગતો તે જાહેર કરી શકે તેમ નથી. દ્વિપક્ષીય ડબલ ટેક્સેસન એવોઇડન્સ સમજૂતિ દેશો સાથે થયેલી છે. અરજીદાર અને વરિષ્ઠ વકીલ રામ જેઠમલાણીએ કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી સરકાર દ્વારા વિદેશમાં કાળા નાણા ધરાવતા લોકોનો પર્દાફાશ કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે ૨૮મી ઓક્ટોબરના દિવસે કેન્દ્રની અરજી ઉપર સુનાવણી કરવા તૈયાર થઇ ગઇ છે. એટર્ની જનરલ મુકુલ રોહતાગીએ કહ્યું હતું કે, સરકાર વિદેશી ખાતા ધારકોના નામ જાહેર કરી શકે તેવી સ્થિતિમાં નથી. તેમની સામે કોઇ પ્રોસીક્યુશનની કામગીરી પણ શરૂ કરવામાં આવી નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, બેંક ખાતા ધારકોના નામ જાહેર કરવાની બાબત સામે જર્મન સરકાર દ્વારા વાંધો ઉઠાવવામાં આવી ચુક્યો છે. ડિસેમ્બરમાં અમેરિકા સહિત ઘણા દેશો સાથે ભારત સરકાર ડબલ ટેક્સેશન એવોઇડન્સ સમજૂતિ કરવાની તૈયારીમાં છે. મુકુલ રોહતાગીએ કહ્યું હતું કે, જો તેમના નામ આપવામાં આવશે તો હાલમાં મુશ્કેલી નડી શકે છે. આનાથી વિદેશી સરકારના સોર્સને લઇને મુશ્કેલી સર્જાશે જે વિદેશમાં કાળા નાણા જમા કરનાર ભારતીયોના નામ આપી રહ્યા છે. બીજી બાજુ કોર્ટની બહાર જેઠમલાણીએ

નાણામંત્રી અને એટર્ની જનરલના અભિપ્રાય સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ પ્રકારની અરજીથી ગુનેગારોને મદદ મળશે. જેઠમલાણીએ કોર્ટને કહ્યું હતું કે, તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખી ચુક્યા છે અને અરજી સામે જોરદાર વાંધો ઉઠાવી ચુક્યા છે. એટર્ની જનરલે કહ્યું હતું કે, રામ જેઠમલાણી દ્વારા નાણામંત્રીની ટિકા બિલકુલ ગેર વાજબી છે અને કમનસીબ છે. કાળા નાણાના મુદ્દે કેન્દ્ર સરકાર ખુબ જ ગંભીર છે અને પોતાની રીતે આગળ વધી રહી છે. પરંતુ મોદી સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું છે કે, વિદેશી ખાતા ધારકોના નામ હાલની સ્થિતિમાં જાહેર કરાશે નહીં.

પરમાણુ સક્ષમ નિર્ભયા ક્રૂઝ મિસાઈલનું પરીક્ષણ

બેલાસોર,તા. ૧૭

ભારતની સ્વદેશીરીતે વિકસિત કરવામાં આવેલી પરમાણુ સક્ષમ સબસોનિક ક્રૂઝ મિસાઈલ નિર્ભયાનું આજે બેલાસોર નજીક ચાંદીપુર ખાતે

ટેસ્ટ રેન્જથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મિસાઈલ ૭૦૦ કિલોમીટર સુધી ત્રાટકવામાં સક્ષમ છે. લોંચ ગ્રાઉન્ડથી ઉંડાણ ભર્યા બાદ આ મિસાઈલ ટાર્ગેટ ઉપર પડી હતી. ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેંજના લોંચ પેડ-૩ પરથી સવારે ૧૦ વાગે આનુ સફળ પરીક્ષણ કરાયું હતું. મોબાઈલ લોંચરથી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આ મિસાઈલ સબસોનિક લોંગ રેન્જની ક્રૂઝ મિસાઈલ છે. આઈટીઆરથી આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે મોટી સંખ્યામાં નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા. આ મિસાઈલ તેના તમામ ઈચ્છિત માપદંડલ હાંસલ કરી રહી છે. ભારત તેના શસ્ત્રાગારમાં ૨૯૦ કિલોમીટરની રેંજની બ્રહ્મોસ ક્રૂઝ મિસાઈલ ધરાવે છે જેને ભારત અને રશિયા દ્વારા સંયુક્તરીતે વિકસિત કરવામાં આવી છે. નિર્ભયા ખુબ જ શક્તિશાળી અને આધુનિક મિસાઈલ છે. આ મિસાઈલ તેના ટાર્ગેટ પર પડવામાં કુશળ રહેલી છે. કન્ટ્રોલ અને ગાઈડન્સ મામલામાં પણ મિસાઈલ ખુબ જ અસરકારક રહી છે.

મોદી કેબિનેટનુ ટુંક સમયમાં વિસ્તરણ કરાય તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી થોડાક સપ્તાહમાં જ કેબિનેટનુ વિસ્તરણ કરી શકે છે. ઉચ્ચસ્તરીય સુત્રોએ આજે આ મિજબની માહિતી આપી હતી. નરેન્દ્ર મોદી છેલ્લા કેટલાક સમયતી આ સંબંધમાં વિચારી રહ્યા છે. કેબિનેટના વિસ્તરણની સાથે સાથે બ્યુરોક્રેટિક સ્તરે મોટા પાયે ફેરફાર કરવામાં આવે તેવા પણ સંકેત મળી રહ્યા છે. સુત્રોએ કહ્યું છે કે આગામી મહિનાના અંતમાં શરૂ થઇ રહેલા સંસદના શિયાળુ સત્ર પહેલા કેબિનેટનુ વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતા છે. અલબત્ત સંસદ સત્રના કાર્યક્રમને સોમવારે મળી રહેલી સંસદીય બાબતોની કેબિનેટ સમિતીની બેઠકમાં આખરી ઓપ આપવામાં આવે તેવી શક્યતા છે. બન્ને ગૃહની શરૂઆત નવેમ્બરના ત્રીજા સપ્તાહમાં કરવામાં આવે તેવી શક્યતા છે. કેબિનેટના વિસ્તરણને હવે જરૂરી ગણવામાં આવે છે. આ વિસ્તરણને વહીવટી અને રાજકીય બન્ને મોરચે જરૂરી ગણવામાં આવે છે. આ જ કારણસર મોદી ટુંક સમયમાં ગંજીપો ચિપશે. કેટલાક એવા વિભાગ છે જેના પર સ્વતંત્ર અને પૂર્ણ રીતે ધ્યાન આપવાની જરૂર છે. આ ઉપરાંત વધારાના ખાતા પણ કેટલાક પ્રધાનો ધરાવે છે. જેમાં નાણાં પ્રધાન અરૂણ જેટલી નાણાં અને સંરક્ષણ જેવા ખુબ મહત્વપૂર્ણ બે ખાતા ધરાવે છે. આ બન્ને ખાતા પર જુદી જુદી રીતે ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. છેલ્લા પાંચ મહિનાથી કેટલાક મંત્રાલય માટે અપનાવવામાં આવેલી કામચલાઉ વ્યવસ્થા સારી રહી છે. પરંતુ હવે સરકાર માને છે કે વધારે ઝડપથી આગળ વધવાની જરૂર છે. પોતાના એજન્ડાને વધારે ઝડપથી આગળ વધારવા અને તેને અમલી બનાવવા માટે મોદી ઉત્સુક દેખાઇ રહ્યા છે. પરિવહન પ્રધાન નિતિન ગડકરી ગોપીનાથ મુન્ડેના અવસાન બાદ ગ્રીણ વિકાસ મંત્રાલયની જવાબદારી પણ સંભાળી રહ્યા છે. રવિ શંકર પ્રસાદ દુરસંચાર અને કાયદા મંત્રાલય ધરાવે છે. જ્યારે પર્યાવરણ પ્રધાન પ્રકાશ જાવડેકર માહિતી અને પ્રસારણ મંત્રાલય ધરાવે છે. પ્રધાનમંડળના વિસ્તરણ પાછળ કેટલાક રાજકીય કારણ પણ છે. ભાજપ હાઇ કમાન્ડ માને છે કે ચૂંટણીના આગામી તબક્કામાં પ્રવેસ કરતા પહેલા મહત્વપૂર્ણ સમુદાયને ટીમ મોદીમાં પ્રતિનિધીત્વ આપવામાં આવે તે જરૂરી છે. બિહારના ભૂમિહારોને સ્થાન આપવાની હિલચાલ ચાલી રહી છે. ભાજપ શિવ સેનાના નેતા અને ભારે ઉદ્યોગપ્રધાન અંત ગીતેને કેબિનેટની બહાર કરી શકે છે.કારણ કે શિવ સેના સાથે ભાજપના મહારાષ્ટ્રમાં સંબંધ તુટી ચુક્યા છે. આવી સ્થિતીમાં તેમને કેબિનેટમાં રાખવાની બાબત ભારે પડી શકે છે.

સમાચાર ઝલક

- નેપાળમાં બરફનું તોફાન ૩૦નાં મોત.
- ગોવા-અમૃતસર-બેંગ્લોરમાં આતંકવાદી હુમલો દિવાળી પર્વમાં થવાની દહેશત. ગુપ્તચરની ચેતવણી-તંત્ર એલર્ટ.
- દેશમાં સૌ પ્રથમવાર બટાકાની આયાત થશે. ભાવો કાબુમાં રાખવા માટેનાં પગલાં.
- પશ્ચિમ બંગાળમાં વર્ધમાન જિલ્લામાં ભારે વિસ્ફોટની સામગ્રી મળી આવી.
- દિલ્હીમાં પૂર્વ ભારતના મિઝોરમની યુવતીની હત્યા.
- ભુજમાં કરોડો ખર્ચ વાળી અદાણી સંચાલિત હોસ્પિટલના વહીવટનો અહેવાલ માંગતી કોર્ટ.
- શુકન ફ્લેટ કૌભાંડ ૩૦ કરોડે પહોંચ્યું. ફ્લેટ ધારકો રાતા પાણીએ રડે છે. ધમકીઓ મળે છે.
- બીજા પક્ષને મતદાન કરતાં મહારાષ્ટ્રના પવનમાલ વિસ્તારમાં મહિલાને જીવતી સળગાવી દીધી.
- સાવરકુંડલામાં તાજું જન્મેલું નવજાત શિશુ ગુમ થયું.
- ઉત્તરપ્રદેશના આઝમખાનની બેગમાં ૪ જીવતા કારતૂસ ઝડપાયા.
- ભારતના મુખ્ય આર્થિક સલાહકાર શ્રી અરવિંદ સુબ્રમણ્યમે અમદાવાદ આઈ.આઈ.એમ.માં અભ્યાસ કરેલ છે.
- રાજયમાં ડાંગર પાકમાં ભારે ઘટાડો. ડાંગરના પાકમાં જીવાત ઈયળો પડી છે.
- આઈફોન-૬નું ભારતમાં વેચાણ શરૂ થતાં યુવાનો ખરીદવા ઉમટયા.
- ગુજરાત-પાકિસ્તાન સરહદી ગામોના વિદ્યાર્થીઓને લશ્કરી તાલીમ.
- કાંકરિયા એમ્યુઝમેન્ટ પાર્કમાં ધનતેરસથી શરૂ થશે રાઈડસ.
- જી-સ્વાન ખોરવાતા ૧૦૦ કરોડના સોદા અટવાયા.

નવા વર્ષે મોદીના ઇ-ગ્રિટિંગ કાર્ડ તમામને મળશે : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવા વર્ષે ઈ-ગ્રિટીંગ કાર્ડ લાખો ભારતીય લોકોને મોકલનાર છે. લાખો ભારતીય લોકો મોદીના વ્યક્તિગત કાર્ડ મેળવીને નવા વર્ષની ઉજવણી મનવા અંદાજમાં કરવા માટે તૈયાર છે. નવા વર્ષની પૂર્વ સંધ્યાએ જારી કરવામાં આવનાર ઈ-કાર્ડ પર એવો સંદેશો લખેલો રહેશે કે સરકારનો હેતુ વર્ષ ૨૦૧૫માં બ્રાડબેન્ડ અને મોબાઈલ ફોન મારફતે સમગ્ર દેશને ડિઝિટલ પ્લેટફોર્મ પર જોડવાનો રહેશે. સ્વંતત્રતા દિવસના પ્રસંગે પોતના ભાષણમાં મોદીએ દેશમાં પરિવર્તન અને શાસનમાં પારદર્શકતા લાવવા માટે ડિજિટલ ઈન્ડિયા પર ભાર મુક્યો હતો. હવે સરકારનુ ધ્યાન ડિજિટલ ઈન્ડિયા મારફતે તમામ સરકારી સેવાઓને સંયુક્ત ડિજિટલ પ્લેટફોર્મ પર

લાવવા અને માહિતી સંપન્ન સમાજના નિર્માણ પર કેન્દ્રિત છે. નવા વર્ષના પ્રસંગે મોદી ડિજિટલ ઈન્ડિયા અભિયાનની પરિભાષા નક્કી કરશે. જેમાં એમ કહેવામાં આવશે કે દરેક જગ્યાએ દરેક સમય પર સંમગ્ર દેશનો સંપર્ક કરવા માટે અને ખાસ કરીને દરેક ગામને બ્રાડ બેન્ડ કનેક્શન સાથે જોડવા પર ભાર મુકવામાં આવનાર છે. આ ઉપરાંત સરકાર મોબાઈલ ફોન પર ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ કરાવવા પર ભાર મુકશે. એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ટેલિકોમ કમીશને દુરગામી વિસ્તારોમાં મોબાઈલ કનેક્ટિવિટી માટે રકમ મંજૂર કરી દીધી છે અને આ દિશામાં કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે અમે વર્ષ ૨૦૧૫ના અંત સુધી દરેક ગામમાં મોબાઈલ કનેક્ટિવિટી આપવા પર વિચારણા કરી રહ્યા છીએ. મોદી ડિજિટલ ઈન્ડિયા પ્લેટફોર્મ પર બિલકુલ પ્રાથમિક સ્તરે પારદર્શકતાની ખાતરી કરી ભ્રષ્ટાચારનો અંત લાવવાની બાબતને પ્રાથમિકતા આપી રહ્યા છે.



ધર્મશાળામાં ભારત અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચેની ચોથી વનડે મેચના પ્રારંભ પહેલા ભારતીય શિખર ધવન અને સુરેશ રૈના બૌદ્ધ આધ્યાત્મિક ગુરુ દલાઈ લામાના આર્શીવાદ મેળવી રહ્યા છે. હિમાચલની આકર્ષક પહાડીઓ વચ્ચે બનાવેલા સુંદર સ્ટેડીયમમાં આ મેચની ૨૦૦૦ જેટલી ટિકીટ તો ઓનલાઈન જ વેચાઈ ગઈ હતી. આ મેચમાં સામાન્ય પ્રેક્ષકો માટે કુલ ૧૭૦૦૦ ટિકીટોની વ્યવસ્થા રાખવામાં આવી છે. અહીંના આહલાદક વાતાવરણમાં ક્રિકેટ મેચ રમવા માટે દરેક ક્રિકેટર ખૂબ આતુર હોય છે.